સરપંચ સામે એટ્રોસિટીની કેસ નોંધાયો હતો

ડીડીઓએ ડાવસ ગામના સરપંચને સસ્પેન્ડ કર્યા

ડીસા,તા. ૨૩

બનાસકાંઠા જીલ્લાના ડિસા તાલુકના ડાવસ ગામે આશરે દોઢ માસ અગાઉ એટ્રોસીટીનો બનાવ નોંધાયો હતો. જેમાં સરપંચ જેલ હવાલે થયા હતા. આ મામલે જીલ્લા વીકાસ અધીકારી બનાસકાંઠાએ નેતિક અધઃપતન મામલે સરપંચને દોષિત માની સસ્પેન્ડ કરતા જીલ્લાભરમાં ભારે ચકચાર મચેલ છે.

આ ઘટનાની વિગતો એવી છે કે ગત ૪ માં ૨૦૧૩ના રોજ ડાવસ ગામે એક દલીત ખેતમજૂર કાનાભાઈ હીરાભાઈ પરમાનું રાત્રિ સમયે ઝુપડું સળગાવી તકરાર કરવાની ફરિયાદ ડીસા તાલુકા પોલીસ મથક નોંધાયી હતી. જેમાં ડાવસ ગામના સરપંચ નરસંગજી વિહોજી ઠાકોર, રમેશજી નરસંગજી ઠાકોર અનેપોપટજી નરસંગજી ઠાકોર, સામે ડીસા તાલુકા પોલીસે ફાસ્ટ ગુના નંબર ૭૮/૨૦૧૩ આઈ.પી.સી. કલમ ૪૩૬, ૧૧૪, ૫૦૪ તેમજ એટ્રોસિટી એક્ટની કલમ ૩ (૨), (૫), મુજબની ફરીયાદનોંધાવી હતી. અને ડીવાયએસપી, આર.સી. બરંડા એ સરપંચની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા. જે બાદ કોર્ટમાંથી શરતી જામીને ડાવસ ગામના સરપંચ નરસંગજી ઠાકોર મુક્ત થયા હતા. જો કેઆ મામલે બનાસકાંઠાના જિલ્લા વિકાસ અધિકારી એમ.એચ. પટેલે સરપંચ નરસંગજી ઠાકોર વિરુદ્ધ ગુજરાતપંચાયત અધિનિયમની કલમ ૫૯, (૧), ની જોગવાઈ મુજબ કામ ચલાવ્યું હતું.

આ કલમમાં જોગવાઈ છે કે "ગ્રામપંચાયતના સરપંચ સામે નૈતિક અધઃપતન મામલે અથવા અન્ય ગુનામાં ફોજદારી કાર્યવાહી કરી હોય અથવા જે તે ગુનામાં તેમને જેલમાં રખાયા હોય ત્યારે સરપંચ, વિરુદ્ધ ઉપલા સત્તાધીશો તેમને હોદા પરથી દૂર કરી શકે" જે મુજબ સરપંચ ગામના પ્રતિષ્ઠિત નાગરિક હોઈ સ્વચ્છ પ્રતીભા ધરાવતા હોવા જોઈએ. જેમાં પ્રસ્તુત કેસમાં ચૂક થતા ડાવસ ગામના સરપંચને જીલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડ કરેલ છે.

પ્રાંતિજ શહેરમાં વટસાવિત્રી વ્રત નિમિત્તે બહેનો દ્વારા વડની પૂજા અર્ચના કરવામાં આવી હતી અને પોતાના પતિના લાંબા આયુષ્ય માટે સુતરની આંટી વડની ફરતે વીંટી પ્રદક્ષિણા કરીને પ્રાર્થના કરી હતી. સવારથી જ વડની પૂજા કરવા માટે બહેનોની ભારે ભીડ જામી હતી. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

મહેસાણા મામલતદાર કચેરીમાં વધતા વ્યાપક ભ્રષ્ટાચારની બુમરાણ

ઊંઝા, તા. ૨૨

ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચક્યુ હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની ઈધરા, પુરવઠાશાખા, મહેસૂલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરતા હોવાનું સરેઆમ ચર્ચાય છે. ઈધરા, પુરવઠા તથા જમીન મહેસૂલને લગતા કામકાજમાં આ કચેરીના સરકારી બાબુઓને જ્યાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી. અને નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માંગવામાં સરકારી બાબુઓ લેશમાત્ર શરમ અનુભવતા નથી. અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાં કામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબુરી અણઆવડત યા સક્ષમ ન હોવાથી ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે.

આ કચેરીની જુદી જુદી શાખાઓમાં ગેરરીતિઓ થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ છે. તેવું લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય માર્ગદર્શન મળતુ નથી. ઉલ્ટાનું તોછડાઈભર્યુ વર્તન કરીને હેરાન પરેશાન કરવાની પ્રવૃત્તિ કરાય છે.

આ કચેરીમાં મોટાભાગે ગરીબ વર્ગ, ખેડૂતવર્ગ અને જરૂરીયાતવાળા માણસો કામકાજ અર્થે આવે છે. જે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે. તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચૂકતા નથી. જ્યારે રાજકારણીઓ, રાજકીય વગ ધરાવતા આર્થિક રીતે શક્તિશાળી તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થાય છે. કહે છે કે, આ કચેરીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને કથિત એજન્ટોની ટોળકી સાથે મળી સંઘબળથી ભ્રષ્ટાચાર કરે છે. અને અંદરોઅંદર હોદ્દા પ્રમાણે ભાગ બટાઈ થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

ઉનાવા ગામની સીટી સર્વે કચેરીની નિષ્ક્રીય કામગીરી

કચેરીની બેજવાબદાર કામગીરીથી પ્રજાને હાલાકી

ઊંઝા, તા. ૨૩

ઊંઝા નજીકના ઉનાવા ગામે છેલ્લા ઘણા વર્ષોથી કાર્યરત સીટી સર્વે કચેરીની નિષ્ક્રિય કામગીરીને કારણે તેના વહિવટની લોકમાનસમાં ખરાબ છાપ ઉપસી છે. ઉનાવામાં ગત સને ૧૯૮૯ની સાલમાં સીટીસર્વેની કચેરી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં તત્કાલીન અધિકારીઓએ ગામની હદમાં આવેલ ખેતી સિવાયના હેતુ માટે વપરાતી જમીન તેમજ મકાનો અને ઘરોની હક્કચોકસીની કાર્યવાહી કરવા અંગે મિલકત ધારણ કરનારાઓ, વાલી વારસોને હક્ક બાબતના પુરાવાઓ રજૂ કરવા નોટીસો પાઠવી હતી. જે સંદર્ભે લોકોએ પોતાની મિલકતો સંબંધી હક્ક બાબતે લેખિત નિવેદનો આપી જરૂરી પુરાવાઓ રજૂ કર્યા હતા.

બાદ સને ૧૯૮૨માં માપણીની કામગીરી કરવામાં આવી હતી અને સને ૧૯૯૦માં તેની ઈન્કવાયરી થઈ હતી. દરમિયાન વર્ષો બાદ હવે સનદો આપવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત છેલ્લા કેટલાય વર્ષોથી આ કચેરીમાં જવાબદાર અધિકારીની કાયમી નિયુક્તિ કરવામાં આવી નથી. જેથી વર્ષોથી જુદા જુદા અધિકારીઓ ચાર્જ સંભાળી રહ્યા છે. જેઓ અઠવાડીયામાં ફક્ત એક જ દિવસે કચેરીમાં હાજરી આપે છે. જ્યારે બાકીના દિવસોએ કચેરીને ખંભાતી તાળાં નજરે પડે છે. કચેરી તરફથી લોકોને જે સનદો અપાય છે તેનો કાગળ સાવ જૂનો રદ્દી છે. જે જલ્દીથી ફાટી જાય છે.

ભૂતકાળમાં કેટલાક અધિકારીઓએ ભ્રષ્ટાચાર આચરીને ગરબડ ગોટાળાઓ કર્યા હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકત બહાર આવે તેમ મનાય છે. આ કચેરીમાં અગાઉ ફરજ બજાવી ગયેલ અધિકારીઓ પૈકી કેટલાક અધિકારીઓએ ફરજ પાલનમાં બેદરકારી દાખવતાં વર્ષો વીતિ જવા છતાં કેટલાક લોકોના મિલકત સંબંધી રેકર્ડ માન્ય થયેલ નથી. કે રેકર્ડ પર તેની નોંધ સુદ્ધા પણ કરવામાં આવી નથી. હજી કેટલાય લોકોની મિલકતોની હક્ક ચોકસીની કામગીરી અધુરી રહી છે. પરિણામે આવા લોકો કચેરીના ધક્કા ખાઈને ભારે પરેશાની ભોગવી રહ્યા છે. બીજુ છેલ્લા કેટલાયે વખતથી આ કચેરીમાં સપ્તાહમાં ફક્ત મંગળવારે જ અધિકારીની હાજરી હોય છે. બાકીના દિવસોએ કચેરીને ખંભાતી તાળાં લાગેલા જોવા મળે છે.

મહેસાણા જિલ્લામાં ખાનગી ટયુશન કલાસના સંચાલકોને ઘી-કેળાં

મહેસાણા, તા. ૨૩

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ટયુશન પ્રથા પર પ્રતિબંધ મૂકવા છતાં મહેસાણા જિલ્લામાં કેટલાય શિક્ષકો સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને ખાનગીમાં ટયુશન કલાસો લાવી તગડી કમાણી કરી રહ્યા છે. જેના કારણે શિક્ષણ કાર્ય પર માઠી અસર પડી છે. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં જ ટયુશનો ચાલુ થઈ ગયા છે.

છેલ્લા કેટલાય સમયથી રાજયના શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં શાળાઓના શિક્ષકોને ખાનગી ટયુશનો કરવા પર પ્રતિબંધ લાદયો છે તેમ છતાં મહેસાણા જિલ્લાના મુખ્ય મથક મહેસાણા, ઊંઝા, વિસનગર, કડી, વિજાપુર તાલુકામાં સરકારના નિયમોની ઐસી કી તૈસી કરીને કેટલાયે શિક્ષકો ટયુશનની હાટડીઓ ચલાવી રહ્યા છે. સરકારી ગ્રાન્ટ મેળવતી શાળાઓમાં ઊંચા પગાર મેળવનાર શિક્ષકો પૈકી ખાસ કરીને ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ કોમર્સના વિષયો સાથે સંકળાયેલ શિક્ષકો વિદ્યાર્થીઓના ટયુશનો કરી તગડી કમાણી કરી રહ્યા છે. કહે છે કે વિજ્ઞાન પ્રવાહમાં ટયુશન કરનાર શિક્ષકો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાસેથી વિષય દીઠ વાર્ષિક ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂપિયા સુધીની ઊંચી ટયુશન ફી લેતા હોવાની લોક ફરિયાદો ઉઠી છે.

જિલ્લામાં ટયુશનીયા શિક્ષકોની બોલબાલા વધી ગઈ છે. આ પ્રથામાં આર્થિક રીતે સક્ષમ તેમજ અન્ય વિદ્યાર્થીઓના વાલીઓના ખીસ્સા હળવા થાય છે. જો કે શ્રીમંત વર્ગના લોકો નાણાંના જોરે પોતાના સંતાનોને ટયુશનના સથવારે શિક્ષણ અપાવી પરીક્ષામાં સફળતા અપાવે છે. પરંતુ આ સામે ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ જેઓ ટયુશન રાખી શકે તેમ નથી તેઓનો અભ્યાસ અને વિકાસ રૂંધાય છે તેવું કહેવાય છે.

જિલ્લામાં કેટલાક ટયુશનીયા શિક્ષકોએ પોતે જે વિષય શિખવતા હોય તે વિષયોની એસાઈન્મેન્ટો ઝેરોક્ષ સેન્ટરોવાળા પાસે તૈયાર કરાવીને તેમના થકી જ બારોબાર વિદ્યાર્થીઓને વેચાણ કરાવીને આમાંથી પણ વધારાની આવક ઉભી કરવાનો નવો કિમીયો શોધી કાઢયો છે.ટયુશનોની હાટડીઓને લીધે શાળાઓ ગૌણ બનીને ટયુશન કલાસો જ મુખ્ય બની ગયા છે. ટયુશનિયા શિક્ષકો વિશે જે તે શાળાઓના કેળવણી મંડળો, આચાર્યોને બધી જાણ છે તેમ છતાં કોણ જાણે કેમ શિક્ષણ વિભાગ તરફથી કોઈ કડક પગલાં ભરાતાં નથી. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારની કચેરીને પણ ટયુશન ચલાવનારા શિક્ષકો વિશેની જાણકારી હોવા છતાં કોઈ અસરકારક પગલાં ભરાતાં નથી. જિલ્લામાં ખાનગી શાળાઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહની આવી શાળાઓમાં તગડી ફી વસૂલ કરાય છે.

ડૉ. મુખરજીના બલિદાન દિવસે ભાજપા કાર્યાલય ખાતે વ્યાખ્યાન

અમદાવાદ, તા. ૨૩

ભારતીય જનસંઘના સ્થાપક તેમજ જમ્મુ-કાશ્મીર ભારતનુંઅભિન્ન અંગ બન રહે તે માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના ૬૦મા હલિદાન દિવસે ભાજપના ખાનપુર કાર્યાલય ખાતે 'જમ્મુ-કાશ્મીર અને ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી' વિષય પર યોજાયેલ વ્યાખ્યાનમાળાનું ભાજપાના પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી કૌશિકભાઈ પટેલે ઉદ્‌ઘાટન કર્યુ હતું.

આ પ્રસંગે જાણીતા ચિંતક અને વિચારક શ્રી વિષ્ણુભાઈ પંડ્યાએ ભારતની એકતા અને અખંડિતતા માટે, ૩૭૦ની કલમને નાબુદ કરવાની માંગણી સાથે સત્યાગ્રહ કરનાર અને રહસ્યમય સંજોગોમાં મૃત્યુ પામનાર ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીના જીવનપ્રસંગોને સાંકળી, ડૉ. મુખરજીની રાષ્ટ્રભક્તિને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પી હતી. તેઓએ રાષ્ટ્રવાદી શક્તિઓને દેશના સર્વભૌમત્વની રક્ષા માટે સક્રિય થવા આહ્‌વાન કર્યુ હતું.

આજની વ્યાખ્યાનમાળાના પ્રસંગે શ્રી ઝવેરભાઈ ચાવડા, ધારાસભ્યોશ્રી આર.એમ. પટેલ, શ્રી ભુષણ ભટ્ટ, ડૉ. નિર્મલાબેન વાઘવાણી, પૂર્વ મંત્રીશ્રી ભરતભાઈ બારોટ, શ્રી ગીરીશભાઈ પરમાર, પૂર્વ ધારાસભ્યશ્રી ભૂપેન્દ્ર ખત્રી સહિત તબીબો, શિક્ષકો, ઈજનેરો, કોર્પોરેટરશ્રીઓ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નારણપુરામાં દાગીના લૂંટથી ભારે સનસનાટી

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગત મોડી રાત્રે ઘરમાં ઘુસીને મહિલાને બંધક બનાવીને લૂંટ ચલાવી હોવાની ઘટના સામે આવી છે.

નારણપુરા વિસ્તારમાં પોતાના પરીવાર સાથે રહેતી મહિલા ગત મોડી રાત્રે પોતાની ઘરની બહાર આવેલા બાલ્કનીમાં સુતા હતા ત્યારે અચાનક અજાણ્યા શખ્સોએ ઘરમાં ઘુસી આવતા તેમને દુપટ્ટા વડે બંધક બનાવી પહેરેલા દાગીના લઈ લીધા હતા. ફરીયાદી જીગીશાબહેનએ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો છે. મળતી વિગત અનુસાર જીગીશાબહેન (રહે. રામજ્યોત સોસાયટી, મીરા અંબિકા રોડ) ગત મોડી રાત્રે પોતાના ઘરની બાલ્કનીમાં એકલા સુતા હતા લગભગ રાત્રે દોઢ વાગ્યાના સુમારે અજાણ્યા શખ્સ આવી પહોંચ્યો અને તેમને દુપટ્ટા વડે મોઢું અને હાથ બાંધી દીધા હતા. ત્યારબાદ તેમને પહેરેલ અછોડો બુટ્ટી સહીત હજારોના દાગીના લૂંટી લીધા હતા. ઘરમાં અન્ય પરિવાર સભ્યો સૂતા હતા જેના કારણે તેમને કોઈપણ પ્રકારની ભણક થઈ ન હતી.

ડીઝાસ્ટર મેનેજમેન્ટની માત્ર બે બેઠકો ૧૦ વર્ષમાં થઈ છે

દેશની સુરક્ષાને નુકશાન થાય તેવી રીતે વાત મોદીએ કરી છે: ગુજરાતમાં ગુજરાતી લોકો સુરક્ષિત નથી : શક્તિસિંહ

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર કોંગ્રેસના નેતાઓએ આક્ષેપનો મારો જારી રાખ્યો છે. કોંગ્રેસનો આક્ષેપ છે કે, ગુજરાતમાં ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટેની દસ વર્ષમાં માત્ર બે જ બેઠકો મળી છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટેના ખર્ચાઓને કેગના ઓડીટ અહેવાલમાંથી પણ બહાર રાખવામાં આવેલ છે. સુરતમાં પ્રવર્તમાન સરકારના પાપે જ માનવસર્જિત હોનારત થઈ હતી. આમ છતાં, ગુજરાતના મુખ્યમંત્રી જાણે કુદરતને પણ કબજામાં રાખીને બેઠા હોય તેવી ભાષાનો પ્રયોગ કરી રહ્યા છે અનેક રાજયોએ પોતાના રાજયના અસરગ્રસ્ત લોકોને ઉત્તરાખંડમાં મદદરૂપ બનવા અને પરત લાવવા સુદૃઢ વ્યવસ્થાતંત્ર ગોઠવેલ છે. જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીએ પબ્લિસીટી સ્ટંટ અને વાણીવિલાસ જ કર્યો છે ભાવનગર, વડોદરા અને અમદાવાદ સહિત અનેક સ્થળોથી ગુજરાતના ઉત્તરાખંડમાં ફસાયેલા વ્યક્તિઓના પરિવારજનોએ મદદરૂપ બનવા ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યાલયમાં ઈ-મેઈલ તથા ફેક્સ કર્યા છે, તેનો કોઈ જ પ્રત્યુત્તર પરિવારજનોને મળ્યો નથી.

બદ્રીનાથ ખાતેના સ્વામિનારાયણ મંદિરમાં ૨૪૦ જેટલા ગુજરાતીઓ આશ્રય લઈને બેઠા છે, તેમને મંદિર સુધી સલામત સ્થળે પહોંચાડવાનું ઉત્તરાખંડ સરકાર અને ભારતીય સેનાએ પ્રશંસનીય કામ કર્યું છે, પરંતુ આ મંદિરના સ્વામીએ ગુજરાત સરકારના મુખ્યમંત્રીના કાર્યાલયમાં વારંવાર ત્રણ દિવસથી વિનંતી કરી હોવા છતાં યાત્રિકોને પરત લાવવા કોઈ જ વ્યવસ્થા ગુજરાત સરકારે કરી નથી.

ડીસાના જોરાપુરા ગામે સગીરા સાથે સતત ૧૫ દિવસ સુધી બળાત્કાર: આઠ શખ્સ વિરુદ્ધ ફરિયાદ

ડીસા, તા. ૨૩

ડીસા તાલુકાના જોરાપુરા ગામે રહેતી એક સગીર યુવતીને ગત ૧ મે ૨૦૧૩ના રોજ એક ઈસમે પોતાનો બદ ઈરાદો પાર પાડવા કંઈક સુંઘાડી ગાડીમાં નાખી અપહરણ કરતા ચકચારી મચી હતી. જો કે યુવતી પોતાના ઘેર પરત ફરી તેનીને બળજબરી એ ધમકીઓ આપી લગ્ન કરવા મજબૂર કરી, તેની મરજી વિરુધ્ધ અનેકોવાર બળાત્કાર કરનાર યુવક અને મદદ કરનાર અન્ય સહીત આઠ વિરુદ્ધ આજે ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાયેલ છે.

આ સનસનીખેજ ક્રાઈમની વિગતો પીડિત યુવતીએ પોલીસ ફરિયાદમાં આપેલ ફરિયાદ મુજબ એવી છે કે, ગત ૧,મે ૨૦૧૩ના રોજ આ સગીર યુવતીને આરોપી મહેશ બચુજી પરમાર રહે. જોરાપુરા, તાલુકો ડીસા વાળાએ તેને રૂમાલમાં કંઈ સુંઘાડી ગાડીમાં નાખી અપહરણ કરી લઈ ગયેલ. આ યુવતી તે બાદ ભાનમાં આવતા તેને જોયેલ કે તે હિંમતનગર બસ ડેપો પહોંચી ગઈ છે. ધોરણ-૧૨ સાયંસની આ સગીરા વિદ્યાર્થીની તે બાદ ભયભીત થઈ ગયેલ. જ્યારે આરોપી એવા મહેશ પરમારે તેને કહેલ કે કંઈપણ બોલી કે ભાગવાની કોશીસ કરીશ તો જાનથી મારી નાખીશ. જેથી આ યુવતી ભયના ઓથાર તળે ચુપ રહેલ. જે બાદ યુવકે તેને હિંમતનગર ખાતે રહેતા એક ઈસમના ખેતરમાં ગોંધી રાખેલ અને અન્ય આરોપીની મદદે તેને ધમકાવી આ યુવતીના સ્કુલ સર્ટીફિકેટ મંગાવી ૧૪-૫-૨૦૧૩ના રોજ યુવતીની મરજી વિરુદ્ધ બળજબરીથી ભય બતાવી હિંમતનગર ખાતે કોર્ટમાં લગ્ન કરી નાખેલ. જે બાદ પારેવાની જેમ અન્ય પ્રદેશમાં એકલી અટૂલી પડેલ અને ગોંધી રાખેલી આ ગભરુ સગીરા સાથે તેનું અપહરણ કરી લઈ આવેલ આરોપી મહેશ બચુજી પરમારે ૧-૬-૨૦૧૩થી ૧૫-૬-૨૦૧૩ સુધી સતત ધાકધમકી આપી, મરજી વિરુદ્ધ પાશવી બળાત્કાર ગુજારેલ.

જોકે તે બાદ આરોપીઓના ચુંગલમાંથી ગમે તે રીતે છુટેલ આ સગીરા પોતાના પરિવારજનો પાસે પહોંચી હતી. અને તેની સાથે થયેલ કુકર્મની રડતી આંખે વાત કરતા પરિવારજનો કલ્પાંત કરી ઉઠ્યા હતા. દોઢ માસથી વધુ સમયથી સતત આ યુવતીને ગોંધી રાખી. તેના સાથે અનેકોવાર આરોપીએ બળાત્કાર કરતા આ યુવતી ડીપ્રેશનમાં આવી હતી. જો કે આજ રોજ આ આઘાતમાંથી બહાર આવી હિંમત એકઠી કરી યુવતી ડીસા તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવા આવી હતી. આ પીડિતાએ તેનું અપહરણ કરી બળાત્કાર ગુજારનાર મહેશ પરમાર તેમજ મદદગારી પૂરી પાડનાર આ આરોપીના પિતા બચુજી, માતા તારાબેન તેમજ સમગ્ર ગુનામાં મદદ પૂરી પાડનાર શંભુજી પરમાર, મહેશ ઠાકોર, નીશર્ગ બાબુભાઈ પટેલ, રહે. હિંમતનગર તેમજ ચેલાજી ઠાકોર, માવજીજી ઠાકોર સહીત કુલ આઠ આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ડીસા તાલુકા પોલીસે આ કામે આઈ.પી.સી. કલમ ૩૭૬, ૩૬૩, ૩૬૬, ૫૦૬(૨) મુજબ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરતાં ડીસા પંથકમાં સનસનાટી મચેલ છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

કેશુભાઈ પટેલે હોનારત સંદર્ભમાં માહિતી મેળવી

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રમુખ તથા પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે કેદારનાથ યાત્રા ધામમાં થયેલ કુદરતી હોનારતમાં જાનહાનિ અંગે માહિતી મળતી અમેરિકાના લોસ એન્જેલસ ખાતેથી ગુજરાતના તથા દેશના યાત્રિકો અને મૃત્યુ પામનાર ભારતવાસીઓ અંગે દુઃખ વ્યક્ત કર્યુ હતું અને આ કુદરતી આફતમાં સ્વજનોને ગુમાવનાર પરિવારોને સાંત્વના પાઠવી હતી. કેશુભાઈ પટેલ હાલમાં અમેરિકાના પ્રવાસે હોઈ તેમણે અમેરિકાથી આ અંગે માહિતી મેળવી હતી અને હૃદયને હચમચાવી નાખનાર આ દુર્ઘટના અંગે પોતાનો સંવેદનાનો સંદેશ મોકલ્યો હતો. તેમણે બચાવ અને રાહત કામ અંગે પણ પુછપરછ કરી હતી અને આ દુર્ઘટનામાં ફસાયેલા લોકો સત્વરે સહિસલામત પરત ફરે તેવી આશા વ્યક્ત કરી હતી.

ગુજરાત પરીવર્તન પાર્ટીના ૧૫ કાર્યકર્તાઓ તા. ૨૫મીએ રાહત અને બચાવની કામગીરી માટે કેદારનાથ જવા રવાના થશે અને ત્યાં ફસાયેલા યાત્રિકોને મદદરૂપ થવા આ ટુકડી રાહત તથા બચાવ કાર્યમાં અશ્વિનભાઈ કોઠારીની આગેવાનીમાં જ્યાં સુધી તમામ યાત્રિકો પરત ન ફરે ત્યાં સુધી રોકાશે.